# વૈષ્ણવ સંઘ યુકે દ્વારા વ્રજધામ, શ્રીનાથજીની હવેલી, લેસ્ટર ખાતે શાનદાર શ્રી પુષ્ટિરસ મહોત્સવ યોજાયો



વૈષ્ણવ સંઘ યુકે દ્વારા વ્રજધામ, શ્રીનાથજીની હવેલી, લેસ્ટર ખાતે તા. ૧૨-૧૩ મે દરમિયાન બે દિવસના શાનદાર શ્રી પુષ્ટિરસ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિખ્યાત વલ્લભકુળના વૈષ્ણવાચાર્ય ગોસ્વામી વ્રજેશકુમારજી, ગોસ્વામી પૂ. યદુનાથજી, ગો. પૂ. જયદેવજી (કડી)ની ઉપસ્થિતીમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

શનિવાર તા. ૧૨ના રોજ પૂ. આચાર્યશ્રી જેજેના વચનામૃત બાદ 'સખીવેશ'નો મનોરથ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત તમામ વૈષ્ણવોએ માથે ઓઢીને ભાગ લીધો હતો. તે પછી માળા પહેરામણી અને લોટી ઉત્સવ યોજાયો હતો. રવિવારે તા. ૧૩ના રોજ રાજભોગ અને આંબા મનોરથ દર્શન તેમજ બપોરે શ્રી કૃષ્ણ અનુભૂતી શિબિરનો આશરે ૬૦૦ કરતા વધારે વૈષ્ણવજનોએ લાભ લીધો હતો. સંપર્ક: સુભાષભાઈ લાખાણી 07748 324 092.

# લેસ્ટરને આંગણે સદ્ભાવનાની સુવાસ



શનિવાર તા. ૧૨ મે ૨૦૧૨ના બેલગ્રેવ નેબરહૂડ સેન્ટરમાં ભારત વેલ્ફેર ટ્રસ્ટ તરફથી સદ્ભાવના હોસ્પિટલ - રાજકોટની કીડની ડાયાલીસીસ યુનીટના લાભાર્થે એક ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટથી પધારેલ શ્રી રાજેશભાઈ મજીઠીયાએ ભાવિક ભજનોની સર્વે ભાઈ - બહેનોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

ડો. સતિશભાઈ તન્નાએ હોસ્પિટલના સેવાકાર્યો અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે તેમની સાથે બીજા ૬ કાબેલ ડોક્ટરો રાત દિવસ આ સેવામાં સાથ પૂરાવે છે. તેમજ કમ્પ્યુટરમાં કંડારેલ સચિત્ર અહેવાલ રજૂ કર્યો હતો.

ભારત વેલ્ફેર ટ્રસ્ટ તરફથી શ્રી કિશોરભાઈ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને ટ્રસ્ટી શ્રી કાંતિભાઈએ સદ્ભાવના હોસ્પિટલ માટે આવેલ દાનની રકમનો કેટલી પવિત્રતાથી ઉપયોગ થાય છે તે અંગે વિગતે માહિતી આપી સદભાવનાને સાથ આપવાની હાકલ કરી હતી. આ ભજન સંધ્યાના ભજનીક શ્રી રાજેશભાઈ અને લેસ્ટરના બે કલાકારો શ્રી મુકેશભાઈએ તબલાના તાલ તથા ઘનશ્યામભાઈએ ઓર્ગનના સુર પુરાવ્યા હતા. આ કાર્યક્રમમાં હાજર રહી દાતાજનોએ ઉદાર હાથે યોગદાનની આહૂતિ આપી હતી. સંપર્ક :ભારત વેલ્ફેર ટ્રસ્ટ 0116 266 7050 / 0116 21616 98.

# શુભ વિવાહ

શ્રીમતી નીશાબેન અને શ્રી મુકેશભાઈ મોહનભાઈ બી. લાડવાના સુપુત્ર ચિ. વિપુલના શુભલગ્ન શ્રીમતી જસબિન્દર તથા સ્વ. કુલવન્ત સાઈખોનના સુપુત્રી ચિ. જસપ્રિત સાથે રવિવાર તા. ૮-૭-૧૨ના રોજ નિરધાર્યા છે. નવદંપત્તીને 'ગુજરાત સમાચાર' પરિવાર તરફથી શુભકામનાઓ.


## લવાજમી ગ્રાહકો માટે અગત્યની સૂચના

આપ ચાર સપ્તાહ કરતા વધુ સમય માટે હોલીડેમાં જવાના હો અને તે સમય દરમિયાન "ગુજરાત સમાચાર અને એશિયન વોઇસ" કામચલાઉ બંધ કરાવવા હોય કે આપનુ સરનામુ બદલાયું હોય તો તેની જાણ અગાઉથી લેખિતમાં ટપાલ, ફેક્સ કે ઈમેલ દ્વારા મોકલવા વિનંતી. ફોન પર એ અંગે વાતચીત ન કરવા વિનંતી છે. ઓફિસ શનિવારે અને રવિવારે બંધ રહે છે.


# ગેરકાયદે બાંધકામ કરી મકાનો ભાડે આપનાર ભારતીયો પર તવાઈ

લંડન: બ્રિટનનાં સત્તાવાળાઓ હવે પોતાનાં મકાનોમાં ગેરકાયદે બાંધકામ કરી મકાન ભાડે આપનાર મૂળ ભારતીયો પર ત્રાટક્યા છે. આ પ્રકારની કામગીરી કરવા માટે બ્રિટને ૧૮ લાખ પાઉન્ડની રકમ અલગ ફાળવી છે. મૂળ ભારતીયો દ્વારા તેમનાં મકાનોમાં ગેરકાયદે બાંધકામ કરીને આ રૂમ્સનું જંગી ભાડું વસૂલ કરીને બ્રિટનમાં વસતા ગેરકાયદે વસાહતીઓને ભાડે આપવામાં આવતી હોવાનું સત્તાવાળાઓની જાણમાં આવ્યું છે.

આ મકાનો ઝુપડા જેવા અને હાનિકારક ગણવામાં આવ્યા છે જેમાં કરાયેલાં એક્સ્ટેન્શનને ' બેડ્સ ઈન શેડ્સ ' તરીકે ઓળખાય છે. આવા મકાનો અને રૂમ્સમાં ગેરકાયદે વસાહતીઓ ખૂબ જ ખરાબ હાલતમાં રહે છે. ખાસ કરીને લંડનમાં અને ઈલિંગ તેમજ હોન્સ્લો અને સ્લોઘમાં વસતા આવા ગેરકાયદે વસાહતીઓની સ્થિતિ કરૂણ છે.

આવા મકાનોમાં વસતા મોટાભાગના વસાહતીઓ ભારતીય નાગરિકો છે. મૂળ ભારતીય મકાનમાલિકો તેમને ત્યાં આશ્રય આપી રહ્યા છે. પોતે ગેરકાયદે બ્રિટનમાં રહેતા હોવાથી તેમનું શોષણ થતું હોવા છતાં તેઓ સત્તાવાળાઓને ફરિયાદ કરી શકતા નથી.

■ ડર્બીમાં આગથી પાંચ બાળકનાં મોત: ડર્બીના વિક્ટરી રોડ ખાતે એક મકાનમાં ગુરુવારે લાગેલી આગમાં દાઝી જવાથી પાંચ બાળકોનાં મૃત્યુ થયા હતા. આ બાળકોની વય પાંચથી દસ વર્ષ વચ્ચેની હતી. ઈજાગ્રસ્ત છઠ્ઠા બાળકને સ્પેશિયાલિસ્ટ સારવાર માટે બર્મિંગહામની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અન્ય બે વ્યક્તિને પણ દાઝવાથી સામાન્ય ઈજા થઈ હતી.

# આપણાં અતિથી: શ્રી રાજેશભાઈ મજીઠીયા

ભારતના વિખ્યાત કલાકાર શ્રી રાજેશભાઈ મજીઠીયા ટૂંક સમય માટે યુ.કે. પધાર્યા છે. શ્રી રાજેશભાઈ છેલ્લા ૧૨ વર્ષથી ગુજરાતી લોકસંગીત, લગ્નગીતો ભજનો, ડાયરો શ્રીનાથજીની ઝાંખી, રાસ-ગરબા તથા હિન્દી ફિલ્મીગીતોના રસપ્રદ કાર્યક્રમ આપ છે. તેમના કાર્યક્રમોને યુગાન્ડા અને કેનેડામાં અત્યંત સફળતા મળી છે. સંપર્ક :ભારત વેલ્ફેર ટ્રસ્ટ (0116) 266 7050 / 0116 21616 98.

■ લિબરલ ડેમોક્રેટ્સ પક્ષના વરિષ્ઠ નેતાઓ એમ માની રહ્યાં છે કે આગામી સામાન્ય ચૂંટણીમાં સંપૂર્ણ રકાસને ટાળવો હોય તો પક્ષે વેળાસર મિશ્ર સરકારમાંથી બહાર નીકળી જવું જોઈએ. આ નેતાઓ માને છે કે મે ૨૦૧૫ની ચૂંટણી અગાઉ સરકારમાંથી ખસી જઈને લિબરલ ડેમોક્રેટ્સે પોતાની સ્વતંત્રતા દર્શાવવાની જરૂર છે.


Asian Voice | ગુજરાત સમાચાર GUJARAT SAMACHAR

## ચાલો...ને.. મેળામાં...જઇએ

### આપની કલાકૌશલ્યને મંચ પરથી ઉજાગર કરવાનો અણમોલ અવસર

ગુજરાત સમાચાર તથા એશિયન વોઇસ દ્વારા ૯ અને ૧૦ જૂન (શનિ-રવિવાર)ના રોજ 'આનંદ મેળા'નું આયોજન અતિભવ્ય અને વ્યવસ્થિત રીતે કરાયું છે. આ મેળામાં સવારે ૧૦-૦૦થી સાંજના ૫.૦૦ સુધી હેરો લેઝર સેન્ટરના ભવ્ય મંચ પર આપની કલા નિપૂણતા (ટેલેન્ટ) બતાવવાનો અણમોલ અવસર સાંપડશે. આ બન્ને દિવસ દરમિયાન અમે બોલીવુડ ડાન્સ, ગરબા, રાસ, કથ્થક, એકાંકી નાટક, મિમિક્રી, વેશભૂષા, ફેશન શો અને ગીત-સંગીતના વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર નવોદિત કલાકારો વચ્ચે હરિફાઇ યોજાશે અને તેઓને પ્રોત્સાહક ઇનામો આપવામાં આવશે. ટેલેન્ટ બતાવવા ઇચ્છુક માટે કોઇ ઉંમરબાધ નથી. **આપનું નામ નોંધાવવા આજે જ સંપર્ક સાધો. નિહિર શાહ 07875 229 111; કોકિલા પટેલ 07875 229 177/ 0207 749 4080**



To advertise in Gujarat Samachar call: 020 7749 4085



## Louis Kennedy Solicitors

Expert in All Immigration Issues | Open on weekends



*Specialist in*

- Tier1, Tier 2, Tier 4 and Tier 5
- Nationality / PR Applications
- All Kind of Detention matters
- Immigration Appeals
- Judicial Reviews and Bail Application
- Long residence Application

Suite 134, Empire House, Empire Way, Wembley Middlesex, HA9 0EW
**Call us on 020 8970 2610 or 07894 875 135**
Email: info@louiskennedysolicitors.com
All same day applications £200 only. Offer valid for a limited period only.



## Chha Gam Nagrik Mandal (UK)

Bhadran, Dharmaj, Karamsad, Nadiad, Sojitra, Vaso

You are invited to enjoy

PICNIC / GAMES / ENTERTAINMENT

છ ગામ નાગરિક મંડળની ઉજાણીમાં ભાગ લેવાનું ચૂકતા નહિં

**2.00pm till late on Sunday 10 June 2012**

**The Pavillion, Green Lane Watford, WD19 4LT**

**TICKET: £10 PER PERSON (Children under 5 years free)**

Please do not bring ANY Alcoholic Drinks - this will be strictly enforced.
Club Bar facility will be available.

A variety of food and soft drinks will be provided free of charge.

Join in for one of the many cricket matches – Various games for children's group, ladies group, men's group and the mixed group.

If you are interested in hiring a stall, please contact us.

**DO NOT MISS THIS GREAT DAY OUT FOR FAMILY AND FRIENDS**

CANDIDATES FOR CHHA GAM MATRIMONIAL INTRODUCTION WILL MEET IN A SEPARATE HALL FROM 3.00PM TO 5.00PM - BRING PHOTO ID (Contact: Sheetal 07775 978469)

For further Information contact your Gam Committee Members OR Tickets will be available at the gate:

| | | | |
|---|---|---|---|
| Dharmesh Desai | 07775 620 023 | Pravinbhai Amin | 07967 013 871 |
| Harshadbhai Desai | 020 8902 7706 | Jayraj Bhadranwala | 07956 816 556 |
| Nirupaben Patel | 0208 907 1184 | Pravinaben N Patel | 0208 841 6609 |
| Mahendrabhai S Patel | 0208 777 4881 | Mr G P Desai | 07956 922 172 |
| Jayantbhai Patel | 07772 449 591 | Chandrakantbhai K Patel | 0207 272 3616 |



Event Supported by: THE PAVILLION, Green Lane, Watford WD19 4LT – 01923 224454
An attractive venue with seating capacity of 250 people, leading on to Park and Sports field with 150 car park spaces. Contact Rashmiben 07956288113 or Vipinbhai 07903460363
Website: www.pavillionwatford.co.uk

# ચેન્નઇ સુપરકિંગ્સને પછાડતું કોલકતા નાઇટ રાઇડર્સ

**ચેન્નઇઃ** કોલકત્તા નાઇટ રાઇડર્સે સોમવારે આઇપીએલ લીગ મેચમાં ચેન્નઇ સુપર કિંગ્સને પાંચ વિકેટે હરાવ્યું હતું. બોલર્સની ચુસ્ત બોલિંગ બાદ કેપ્ટન ગૌતમ ગંભીરની અડધી સદીની મદદથી કોલકતા નાઇટ રાઇડર્સે આ વિજય મેળવ્યો હતો.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ચેન્નઇના પાંચ વિકેટે ૧૩૯ રનના જવાબમાં ધીમી પીચ પર સાવચેતીથી બેટિંગ કરીને કોલકતાએ પાંચ વિકેટે ૧૪૦ રન બનાવ્યા હતા. કોલકતાએ ૧૪ રનના સ્કોરે ઓપનર મેક્કુલમની વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ ગંભીર તથા કાલિસે બીજી વિકેટ માટે ૭૦ રનની ભાગીદારી નોંધાવીને ટીમને વિજય તરફ દોરી હતી.

કાલિસે ૩૧ બોલમાં ૨૬ રન ફટકાર્યા હતા. તિવારી તથા યુસુફ પઠાણ અનુક્રમે ૧૩ અને ૧૨ રન બનાવીને પેવેલિયન પરત ફર્યા હતા. ગંભીરે બાવન બોલમાં છ બાઉન્ડ્રી તથા એક સિક્સર વડે ૬૩ રન કર્યા હતા, જે બંને ટીમ તરફથી સૌથી વધુ સ્કોર હતો. ચેન્નઇ તરફથી અશ્વિન તથા બ્રેવોએ બે-બે વિકેટ ખેરવી હતી.

ધીમી તથા ઓછા બાઉન્સવાળી પિચ પર ઓપનર પ્લેસિસ તથા માઇક હસીએ દાવની શરૂઆત કરી હતી. જોકે ચેન્નઇએ પાંચ રનના સ્કોરે પ્લેસિસની વિકેટ ગુમાવી હતી. ઓસ્ટ્રેલિયન બેટ્સમેન માઇક હસીએ રનઆઉટ થતા પહેલાં ૧૯ બોલમાં ૧૮ રન કર્યા હતા.

રૈના અને બ્રેવોએ ત્રીજી વિકેટ માટે ૪૨ રનની ભાગીદારી કરી હતી. જોકે બંનેના આઉટ થયા બાદ ચેન્નઇના બેટ્સમેનો કોલકતાના બોલર્સ સામે ખાસ રન કરી શક્યા નહોતા. ટૂર્નામેન્ટમાં સતત ફ્લોપ રૈનાએ ૩૪ બોલમાં ચાર બાઉન્ડ્રી અને એક સિક્સર વડે ૪૪ રન ફટકાર્યા હતા. કાલિસે રૈના તથા વિન્ડીઝ ક્રિકેટર બ્રેવોને પેવેલિયન પરત મોકલીને ચેન્નઇને મોટો ફટકો માર્યો હતો. ત્યારબાદ કેપ્ટન ધોનીએ સતત એક છેડો સંભાળી રાખીને ૩૦ બોલમાં બે બાઉન્ડ્રી વડે અણનમ ૩૪ રન કરીને ટીમને કંઇક સન્માનજનક સ્થિતિમાં પહોંચાડી હતી.

રવીન્દ્ર જાડેજા પણ લાંબુ ટકી શક્યો નહોતો અને તે ૧૩ બોલમાં નવ રન કરીને આઉટ થયો હતો. છેલ્લી ઓવરોમાં મર્કેલે આઠ બોલમાં ૧૩ રન કર્યા હતા. કોલકતા માટે કાલિસે ૨૧ રનમાં બે તથા બ્રેટ લી અને વિન્ડીઝ સ્પિનર નરિને એક-એક વિકેટ ખેરવી હતી.

## કોણ જીત્યું? કોણ હાર્યું?

**૨૫ એપ્રિલઃ** કિંગ્સ ઇલેવન પંજાબ (૧૬૮/૩)ને મુંબઇ ઇન્ડિયન્સ (૧૭૧/૬)એ ૪ વિકેટે હરાવ્યું
**૨૫ એપ્રિલઃ** રોયલ ચેલેન્જર્સ બેંગલોર વિ. ચેન્નઇ સુપર કિંગ્સ - પરિણામ નહીં
**૨૬ એપ્રિલઃ** ડેક્કન ચાર્જર્સ (૧૭૭/૪)એ પૂણે વોરિયર્સ (૧૫૯/૭)ને ૧૮ રને હરાવ્યું
**૨૭ એપ્રિલઃ** દિલ્હી ડેરડેવિલ્સ (૨૦૭/૫)એ મુંબઇ ઇન્ડિયન્સ (૧૭૦/૯)એ ૩૭ રને હરાવ્યું
**૨૮ એપ્રિલઃ** કિંગ્સ ઇલેવન પંજાબ (૧૫૬/૮)એ ચેન્નઇ સુપર કિંગ્સ (૧૪૯/૮)ને ૭ રને હરાવ્યું
**૨૮ એપ્રિલઃ** કોલકતા નાઇટ રાઇડર્સ (૧૯૦/૪)એ રોયલ ચેલેન્જર્સ બેંગલોર (૧૪૩/૬)ને ૪૭ રને હરાવ્યું
**૨૯ એપ્રિલઃ** દિલ્હી ડેરડેવિલ્સ (૧૫૨/૬)એ રાજસ્થાન રોયલ્સ (૧૫૧/૩)ને ૧ રને હરાવ્યું
**૨૯ એપ્રિલઃ** ડેક્કન ચાર્જર્સ (૧૦૦)ને મુંબઇ ઇન્ડિયન્સ (૧૦૧/૫)એ ૫ વિકેટે હરાવ્યું
**૩૦ એપ્રિલઃ** ચેન્નઇ સુપર કિંગ્સ (૧૩૯/૫)ને કોલકતા નાઇટ રાઇડર્સ (૧૪૦/૫)એ ૫ વિકેટે હરાવ્યું
**૦૧ મેઃ** ડેક્કન ચાર્જર્સ (૧૮૬/૪)એ પૂણે વોરિયર્સ (૧૭૩/૫)ને ૧૩ રને હરાવ્યું

# UAE એક્ષચેન્જની સમર પ્રમોશન ઓફરનો લાભ લો અને આઇ-પેડ જીતો

વિશ્વ કક્ષાની સેવાઓ દ્વારા વિશ્વભરના ૩.૫ મિલિયન ગ્રાહકોનો ભરોસો જીતી સૌ પ્રથમ હરોળમાં પોતાનું સ્થાન જમાવનાર UAE એક્ષચેન્જ દ્વારા સમર પ્રમોશન ઓફર મૂકવામાં આવી છે. જે અંતર્ગત તા. ૧-૫-૨૦૧૨થી તા. ૩૦-૬-૨૦૧૨ દરમિયાન UAE એક્સચેન્જની કોઇ પણ શાખા કે ઓનલાઇન મની ટ્રાન્જેક્શન કરનાર સદનસીબ વિજેતાને આઇ-પેડ ભેટ આપવામાં આવશે. જેનો ડ્રો તા. ૬ જૂન, અને ૨ જુલાઇ, ૨૦૧૨ના રોજ થશે.

વિશ્વના પાંચ ખંડોમાં ૨૪ દેશોમાં આવેલી ૫૩૯ જેટલી ડાયરેક્ટ ઓફિસો થકી UAE એક્સચેન્જ વિશ્વવ્યાપી નેટવર્ક ધરાવે છે અને ૧૫૦ જેટલી વૈશ્વિક બેન્કો સાથે તેમનું જોડાણ તેમને શક્તિ બક્ષે છે.

અબુધાબી સ્થિત ખૂબજ આગળ પડતા NMC ગૃપનું મહત્વના સદસ્ય એવા UAE એક્ષચેન્જની સ્થાપના ૩૦ વર્ષ પહેલા થઇ હતી. UAEની વિશ્વ કક્ષાની સેવાઓએ વિશ્વભરના ૩.૫ મિલિયન ગ્રાહકોનો ભરોસો જીતેલો છે.

યુકેમાં UAE એક્ષચેન્જની કુલ ૧૦ શાખાઓ છે જે શાખાઓ બર્મિંગહામ, ક્રોયડન, ઇસ્ટ હામ, લેસ્ટર, મેનોર પાર્ક, સોહો સ્ક્વેર (ઓફ ઓક્ષફર્ડ સ્ટ્રીટ) સાઉથોલ, વલ્થમસ્ટો, વેમ્બલી અને વ્હાઇટ ચેપલમાં આવેલી છે. આ તમામ શાખાઓમાં ગ્રાહકોને ઘણા બધા ફાયદાઓ ઉપરાંત વિવિધ પ્રકારની સેવાઓ અને પ્રોડક્ટ ઓફર થાય છે. જેમાં વર્લ્ડવાઇડ ક્વીક બેન્ક ટ્રાન્સફર, એક્ષ્પ્રેસ મની દ્વારા થતી ઇન્સ્ટન્ટ મની ટ્રાન્સફર, ઓનલાઇન મની ટ્રાન્સફર, અને વિદેશી ચલણની લે વેચનો સમાવેશ થાય છે.

વધુ વિગત માટે પાન નંબર ૨૮ જુઓ અથવા નજીની શાખાનો સંપર્ક કરો.

www.uaeexchange.com
UAE XCHANGE®
Service is our Currency

● ઓસ્ટ્રેલિયાએ આખરી ટેસ્ટમાં વિન્ડિઝને ૭૫ રને હરાવી ત્રણ ટેસ્ટની શ્રેણી ૨-૦થી જીતી હતી. ૩૭૦ના પડકાર સામે આખરી દિવસે વિન્ડિઝની બીજી ઇનિંગ ૨૯૪ રનમાં સમેટાઇ હતી. ક્લાર્કે પાંચ વિકેટ લીધી હતી. અગાઉ ઓસ્ટ્રેલિયાના ૩૨૮ના સ્કોર સામે વિન્ડિઝ ૨૧૮માં ઓલઆઉટ થયું હતુ. જે પછી ઓસ્ટ્રેલિયાના બીજી ઇનિંગના ૨૫૯ રનને લીધે ૩૭૦નો પડકાર મળ્યો હતો. ચંદરપોલે ૬૯ રન ફટકાર્યા હતા.

# બાંગ્લાદેશે પણ પાકિસ્તાનનો ક્રિકેટ પ્રવાસ ટાળ્યો

**ઢાકાઃ** બાંગ્લાદેશે પણ ક્રિકેટ ટીમને મળતી હુમલાની ધમકીથી પાકિસ્તાનનો એક વન-ડે અને ટ્વેન્ટી-૨૦ મેચનો પ્રવાસ પડતો મૂક્યો છે. આમ હવે પાકિસ્તાનમાં ફરી આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું આયોજન શરૂ થવાની શક્યતા નહીંવત્ બની ગઇ છે.

બાંગ્લાદેશના ક્રિકેટ બોર્ડે સલામતીના કારણોસર પાકિસ્તાનનો પ્રવાસ હાલ પુરતો રદ કરવાની જાણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ને કરી દીધી છે. આ સાથે પાકિસ્તાનમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટનુ આયોજન ફરી શરૂ કરવાના ક્રિકેટ બોર્ડના પ્રયાસોને મરણતોલ ફટકો પહોંચ્યો છે. શ્રીલંકન ટીમ પર હુમલા બાદ ક્રિકેટ જ નહીં અન્ય રમતની વિદેશી ટીમો પણ પાકિસ્તાન પ્રવાસ ટાળે છે.


Hanuman Chalisa
in aid of the Dinning Hall
at Shri Sanatan Mandir Crawley
Date: Saturday 26th May 2012
Time: 10.00am - 18.00pm
Apple Tree Centre
Gurjar Hindu Union (GHU) Ltd
Sanatan Mandir, Ifield Avenue,
Ifield, Crawley, RH11 0AF
www.crawleyhindu.com
Date: Saturday 26th May 2012 Time: 10.00-18.00 pm
Sanatan Mandir Appletree Centre Dhamecha Suite
Full Bhojan Prashadi will be served
Bhajan groups from all over UK
Programme: Each yajman chanting 108 Hanuman Chalisa, after Hanuman Chalisa finishes a presentation will be held for the day care centre. After the presentation food will be served.
Mukya Yajman package
4 yajman's : £51,000 for dining area hall
Other packages
* 250 yajman's : £501
* Donations for Bhojan Prashadi : £2001 for the day
* Flowers and haars : £551
* Drinks and Milk : £501
* 108 Hanuman Dada picture frame trophies : £750
Contact info :
Chandubhai Nayee 01293 519130
Bharat Lukka 07967339790
Umesh Nayee 07774607749
Dilip Limbachia 07808932858
Bhavin Vaid 07944667466
Mandir 01293 530105



શ્રી વૃજેશકુમારજી મહારાજશ્રી

શ્રી યદુનાથજી મહોદયશ્રી
શ્રી ગોપાલ પ્રભુ વિજયે
શ્રી ગોવર્ધન નાથજી જયતે
અતિ દિવ્ય દ્વિ દિવસીય શ્રી પુષ્ટી રસ મહોત્સવ
પૂ. પાદ ૧૦૮ વૈષ્ણવાચાર્ય શ્રી વૃજેશકુમારજી મહારાજશ્રી
તથા પૂ. પાદ ૧૦૮ વૈષ્ણવાચાર્ય શ્રી યદુનાથજી
મહોદયશ્રીના સાનિધ્યમાં મનોરથો
શનિવાર તા. ૧૨-૫-૨૦૧૨: ૧૧ વાગ્યે પૂ. આચાર્યશ્રીના વચનામૃત
૧૨-૨ 'સખીવેશ'નો મનોરથ આ મનોરથ ભારતની બહાર સર્વપ્રથમ થઇ રહ્યો છે.
(ખાસ આ મનોરથની ગરીમા જાળવવા ભાઇઓ તથા બહેનોએ પણ મસ્તક ઢાંકીને આવવું.)
રવિવાર તા. ૧૩-૫-૨૦૧૨: ૧૨-૨ રાજભોગના દર્શન તથા આંબા મનોરથ દર્શન
૩-૭ શ્રી કૃષ્ણ કૃપા અનુભૂતિ શિબિર: આ અતિદિવ્ય શિબિરમાં શ્રી કૃષ્ણની દિવ્યકૃપા ઊર્જા દ્વારા જીવનમાં આવતી શારીરિક અને માનસિક સમસ્યાઓ તથા અસફળતાને દૂર કરી શ્રી કૃષ્ણકૃપાની પ્રાપ્તિ અને અનુભૂતિ કરી જીવન પરિવર્તન કરવાના પ્રયોગની અનુભૂતિ કરાવશે.
બ્રહ્મસંબંધ - રવિવારના ૧૩-૫-૨૦૧૨ના સવારે ૧૧ વાગે.
A GRAND TWO DAY SHREE PUSTHI RAS MAHOTSAV
In the holy presence of
Vaishnavacharya Goswami Pujya Shri Vrajeshkumarji Mahodayshri and
Viashnavacharya Goswami Pujya Shri Yadunathji Mahodayshri (KADI - AMDAVAD)
Saturday 12-5-2012: 11-00 Pujya JeJe's Vachnamrut, 12-2pm "Sakhi Vesh Manorath" Being held for the first time ever outside India. To uphold the sanctity of the event at all vaishnavs are requested to cover their heads. (Applies to both ladies and gents)
Sunday 13-5-2012: 12-2pm Rajbhog darshan and Aamba (Mango) manorath.
(Those Wishing to Participate should contact haveli)
3-7pm Shree Krishna Krupa Anubhuti Shibir
This Shibir is believed to help vaishnavs overcome many challenges facing us today.
Sunday 13-5-12 - BRAMASAMBANDH AT 11-00 FOR DETAILS PLEASE RING HAVELI
There will be a coach service available for Vaishnavs from London to Leicester, at a cost of £12 Per Person
Call: Manish Popatiya 07557 027 101 Rajnibhai Sawjani 07950 267 765
Organised by – Vaishnav Sangh of UK
Vrajdham ShriNathji ni Haveli, Vrajdham, 58 loughborough Road, Leicester LE4 5LD Tel: 0116 2245 308
E-mail: admin@vaishnavsangh.org.uk/ Website : Vaishnavsangh.org.uk
: FOR FURTHER INFORMATION, PLEASE CONTACT:
Subhash Lakhani 07748 324 092 Kishan Ganatra 07944 645 588
Chandubhai Sonecha 07804 596 677 Pramod Thakkar 07860 922 770
Jagdishbhai Patel 020 8904 2060 Dalpat and Hemlata Kotecha 07957 170 797

# ચેન્નઇ સુપરકિંગ્સને પછાડતું કોલકતા નાઇટ રાઇડર્સ

**ચેન્નઇ:** કોલકત્તા નાઇટ રાઇડર્સે સોમવારે આઇપીએલ લીગ મેચમાં ચેન્નઇ સુપર કિંગ્સને પાંચ વિકેટે હરાવ્યું હતું. બોલર્સની ચુસ્ત બોલિંગ બાદ કેપ્ટન ગૌતમ ગંભીરની અડધી સદીની મદદથી કોલકતા નાઇટ રાઇડર્સે આ વિજય મેળવ્યો હતો.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ચેન્નઇના પાંચ વિકેટે ૧૩૯ રનના જવાબમાં ધીમી પીચ પર સાવચેતીથી બેટિંગ કરીને કોલકતાએ પાંચ વિકેટે ૧૪૦ રન બનાવ્યા હતા. કોલકતાએ ૧૪ રનના સ્કોરે ઓપનર મેક્કુલમની વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ ગંભીર તથા કાલિસે બીજી વિકેટ માટે ૭૦ રનની ભાગીદારી નોંધાવીને ટીમને વિજય તરફ દોરી હતી.

કાલિસે ૩૧ બોલમાં ૨૬ રન ફટકાર્યા હતા. તિવારી તથા યુસુફ પઠાણ અનુક્રમે ૧૩ અને ૧૨ રન બનાવીને પેવેલિયન પરત ફર્યા હતા. ગંભીરે બાવન બોલમાં છ બાઉન્ડ્રી તથા એક સિક્સર વડે ૬૩ રન કર્યા હતા, જે બંને ટીમ તરફથી સૌથી વધુ સ્કોર હતો. ચેન્નઇ તરફથી અશ્વિન તથા બ્રેવોએ બે-બે વિકેટ ખેરવી હતી.

ધીમી તથા ઓછા બાઉન્સવાળી પિચ પર ઓપનર પ્લેસિસ તથા માઇક હસ્સીએ દાવની શરૂઆત કરી હતી. જોકે ચેન્નઇએ પાંચ રનના સ્કોરે પ્લેસિસની વિકેટ ગુમાવી હતી. ઓસ્ટ્રેલિયન બેટ્સમેન માઇક હસ્સીએ રનઆઉટ થતા પહેલાં ૧૯ બોલમાં ૧૮ રન કર્યા હતા.

રૈના અને બ્રેવોએ ત્રીજી વિકેટ માટે ૪૨ રનની ભાગીદારી કરી હતી. જોકે બંનેના આઉટ થયા બાદ ચેન્નઇના બેટ્સમેનો કોલકતાના બોલર્સ સામે ખાસ રન કરી શક્યા નહોતા. ટૂર્નામેન્ટમાં સતત ફ્લોપ રૈનાએ ૩૪ બોલમાં ચાર બાઉન્ડ્રી અને એક સિક્સર વડે ૪૪ રન ફટકાર્યા હતા. કાલિસે રૈના તથા વિન્ડીઝ ક્રિકેટર બ્રેવોને પેવેલિયન પરત મોકલીને ચેન્નઇને મોટો ફટકો માર્યો હતો. ત્યારબાદ કેપ્ટન ધોનીએ સતત એક છેડો સંભાળી રાખીને ૩૦ બોલમાં બે બાઉન્ડ્રી વડે અણનમ ૩૪ રન કરીને ટીમને કંઇક સન્માનજનક સ્થિતિમાં પહોંચાડી હતી.

રવીન્દ્ર જાડેજા પણ લાંબુ ટકી શક્યો નહોતો અને તે ૧૩ બોલમાં નવ રન કરીને આઉટ થયો હતો. છેલ્લી ઓવરોમાં મર્કેલે આઠ બોલમાં ૧૩ રન કર્યા હતા. કોલકતા માટે કાલિસે ૨૧ રનમાં બે તથા બ્રેટ લી અને વિન્ડીઝ સ્પિનર નરિને એક-એક વિકેટ ખેરવી હતી.

## કોણ જીત્યું? કોણ હાર્યું?

DLF IPL LEAGUE

**૨૫ એપ્રિલ:** કિંગ્સ ઇલેવન પંજાબ (૧૬૮/૩)ને મુંબઇ ઇન્ડિયન્સ (૧૭૧/૬)એ ૪ વિકેટે હરાવ્યું
**૨૫ એપ્રિલ:** રોયલ ચેલેન્જર્સ બેંગલોર વિ. ચેન્નઇ સુપર કિંગ્સ - પરિણામ નહીં
**૨૬ એપ્રિલ:** ડેક્કન ચાર્જર્સ (૧૭૭/૪)એ પૂણે વોરિયર્સ (૧૫૯/૭)ને ૧૮ રને હરાવ્યું
**૨૭ એપ્રિલ:** દિલ્હી ડેરડેવિલ્સ (૨૦૭/૫)એ મુંબઇ ઇન્ડિયન્સ (૧૭૦/૯)એ ૩૭ રને હરાવ્યું
**૨૮ એપ્રિલ:** કિંગ્સ ઇલેવન પંજાબ (૧૫૬/૮)એ ચેન્નઇ સુપર કિંગ્સ (૧૪૯/૮)ને ૭ રને હરાવ્યું
**૨૮ એપ્રિલ:** કોલકતા નાઇટ રાઇડર્સ (૧૯૦/૪)એ રોયલ ચેલેન્જર્સ બેંગલોર (૧૪૩/૬)ને ૪૭ રને હરાવ્યું
**૨૯ એપ્રિલ:** દિલ્હી ડેરડેવિલ્સ (૧૫૨/૬)એ રાજસ્થાન રોયલ્સ (૧૫૧/૩)ને ૧ રને હરાવ્યું
**૨૯ એપ્રિલ:** ડેક્કન ચાર્જર્સ (૧૦૦)ને મુંબઇ ઇન્ડિયન્સ (૧૦૧/૫)એ ૫ વિકેટે હરાવ્યું
**૩૦ એપ્રિલ:** ચેન્નઇ સુપર કિંગ્સ (૧૩૯/૫)ને કોલકતા નાઇટ રાઇડર્સ (૧૪૦/૫)એ ૫ વિકેટે હરાવ્યું
**૦૧ મે:** ડેક્કન ચાર્જર્સ (૧૮૬/૪)એ પૂણે વોરિયર્સ (૧૭૩/૫)ને ૧૩ રને હરાવ્યું

# UAE એક્ષચેન્જની સમર પ્રમોશન ઓફરનો લાભ લો અને આઇ-પેડ જીતો

વિશ્વ કક્ષાની સેવાઓ દ્વારા વિશ્વભરના ૩.૫ મિલિયન ગ્રાહકોનો ભરોસો જીતી સૌ પ્રથમ હરોળમાં પોતાનું સ્થાન જમાવનાર UAE એક્ષચેન્જ દ્વારા સમર પ્રમોશન ઓફર મૂકવામાં આવી છે. જે અંતર્ગત તા. ૧-૫-૨૦૧૨થી તા. ૩૦-૬-૨૦૧૨ દરમિયાન UAE એક્સચેન્જની કોઇ પણ શાખા કે ઓનલાઇન મની ટ્રાન્જેક્શન કરનાર સદનસીબ વિજેતાને આઇ-પેડ ભેટ આપવામાં આવશે. જેનો ડ્રો તા. ૬ જૂન, અને ૨ જુલાઇ, ૨૦૧૨ના રોજ થશે.

વિશ્વના પાંચ ખંડોમાં ૨૪ દેશોમાં આવેલી ૫૩૯ જેટલી ડાયરેક્ટ ઓફિસો થકી UAE એક્સચેન્જ વિશ્વવ્યાપી નેટવર્ક ધરાવે છે અને ૧૫૦ જેટલી વૈશ્વિક બેન્કો સાથે તેમનું જોડાણ તેમને શક્તિ બક્ષે છે.

અબુધાબી સ્થિત ખૂબજ આગળ પડતા NMC ગૃપનું મહત્વના સદસ્ય એવા UAE એક્ષચેન્જની સ્થાપના ૩૦ વર્ષ પહેલા થઇ હતી. UAEની વિશ્વ કક્ષાની સેવાઓએ વિશ્વભરના ૩.૫ મિલિયન ગ્રાહકોનો ભરોસો જીતેલો છે.

યુકેમાં UAE એક્ષચેન્જની કુલ ૧૦ શાખાઓ છે જે શાખાઓ બર્મિંગહામ, ક્રોયડન, ઇસ્ટ હામ, લેસ્ટર, મેનોર પાર્ક, સોહો સ્ક્વેર (ઓફ ઓક્ષફર્ડ સ્ટ્રીટ) સાઉથોલ, વલ્થમસ્ટો, વેમ્બલી અને વ્હાઇટ ચેપલમાં આવેલી છે. આ તમામ શાખાઓમાં ગ્રાહકોને ઘણા બધા ફાયદાઓ ઉપરાંત વિવિધ પ્રકારની સેવાઓ અને પ્રોડક્ટ ઓફર થાય છે. જેમાં વર્લ્ડવાઇડ ક્વીક બેન્ક ટ્રાન્સફર, એક્ષપ્રેસ મની દ્વારા થતી ઇન્સ્ટન્ટ મની ટ્રાન્સફર, ઓનલાઇન મની ટ્રાન્સફર, અને વિદેશી ચલણની લે વેચનો સમાવેશ થાય છે.

વધુ વિગત માટે પાન નંબર ૨૮ જુઓ અથવા નજીની શાખાનો સંપર્ક કરો.

www.uaeexchange.com
UAE XCHANGE®
Service is our Currency

● ઓસ્ટ્રેલિયાએ આખરી ટેસ્ટમાં વિન્ડિઝને ૭૫ રને હરાવી ત્રણ ટેસ્ટની શ્રેણી ૨-૦થી જીતી હતી. ૩૭૦ના પડકાર સામે આખરી દિવસે વિન્ડિઝની બીજી ઇનિંગ ૨૯૪ રનમાં સમેટાઇ હતી. ક્લાર્કે પાંચ વિકેટ લીધી હતી. અગાઉ ઓસ્ટ્રેલિયાના ૩૨૮ના સ્કોર સામે વિન્ડિઝ ૨૧૮માં ઓલઆઉટ થયું હતુ. જે પછી ઓસ્ટ્રેલિયાના બીજી ઇનિંગના ૨૫૯ રનને લીધે ૩૭૦નો પડકાર મળ્યો હતો. ચંદરપોલે ૬૯ રન ફટકાર્યા હતા.

## બાંગ્લાદેશે પણ પાકિસ્તાનનો ક્રિકેટ પ્રવાસ ટાળ્યો

**ઢાકા:** બાંગ્લાદેશે પણ ક્રિકેટ ટીમને મળતી હુમલાની ધમકીથી પાકિસ્તાનનો એક વનડે અને ટ્વેન્ટી-૨૦ મેચનો પ્રવાસ પડતો મૂક્યો છે. આમ હવે પાકિસ્તાનમાં ફરી આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું આયોજન શરૂ થવાની શક્યતા નહીંવત્ બની ગઇ છે.

બાંગ્લાદેશના ક્રિકેટ બોર્ડે સલામતીના કારણોસર પાકિસ્તાનનો પ્રવાસ હાલ પુરતો રદ કરવાની જાણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ને કરી દીધી છે. આ સાથે પાકિસ્તાનમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટનુ આયોજન ફરી શરૂ કરવાના ક્રિકેટ બોર્ડના પ્રયાસોને મરણતોલ ફટકો પહોંચ્યો છે. શ્રીલંકન ટીમ પર હુમલા બાદ ક્રિકેટ જ નહીં અન્ય રમતની વિદેશી ટીમો પણ પાકિસ્તાન પ્રવાસ ટાળે છે.




## Hanuman Chalisa in aid of the Dinning Hall at Shri Sanatan Mandir Crawley

**Date: Saturday 26th May 2012**
**Time: 10.00am - 18.00pm**

Apple Tree Centre
Gurjar Hindu Union (GHU) Ltd
Sanatan Mandir, Ifield Avenue,
Ifield, Crawley, RH11 0AF
www.crawleyhindu.com

Date: Saturday 26th May 2012 Time: 10.00-18.00 pm
Sanatan Mandir Appletree Centre Dhamecha Suite
Full Bhojan Prashadi will be served
Bhajan groups from all over UK

Programme: Each yajman chanting 108 Hanuman Chalisa, after Hanuman Chalisa finishes a presentation will be held for the day care centre. After the presentation food will be served.

Mukya Yajman package
4 yajman's : £51,000 for dining area hall

Other packages
* 250 yajman's : £501
* Donations for Bhojan Prashadi : £2001 for the day
* Flowers and haars : £551
* Drinks and Milk : £501
* 108 Hanuman Dada picture frame trophies : £750

Contact info :

| | |
|---|---|
| Chandubhai Nayee | 01293 519130 |
| Bharat Lukka | 07967339790 |
| Umesh Nayee | 07774607749 |
| Dilip Umbachia | 07808932858 |
| Bhavin Vaid | 07944667466 |
| Mandir | 01293 530105 |






શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી


શ્રી યદુનાથજી મહોદયશ્રી

**શ્રી ગોપાલ પ્રભુ વિજયે**
**શ્રી ગોવર્ધન નાથજી જયતે**
**અતિ દિવ્ય દ્વિ દિવસીય શ્રી પુષ્ટી રસ મહોત્સવ**
પૂ. પાદ ૧૦૮ વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી
તથા પૂ. પાદ ૧૦૮ વૈષ્ણવાચાર્ય શ્રી યદુનાથજી
મહોદયશ્રીના સાન્નિધ્યમાં મનોરથો

**શનિવાર તા. ૧૨-૫-૨૦૧૨:** ૧૧ વાગ્યે પૂ. આચાર્યશ્રીના વચનામૃત
૧૨-૨ 'સખીવેશ'નો મનોરથ આ મનોરથ ભારતની બહાર સર્વપ્રથમ થઇ રહ્યો છે.
(ખાસ આ મનોરથની ગરીમા જાળવવા ભાઇઓ તથા બહેનોએ પણ મસ્તક ઢાંકીને આવવું.)
**રવિવાર તા. ૧૩-૫-૨૦૧૨:** ૧૨-૨ રાજભોગના દર્શન તથા આંબા મનોરથ દર્શન
**૩-૭ શ્રી કૃષ્ણ કૃપા અનુભૂતિ શિબિર:** આ અતિદિવ્ય શિબિરમાં શ્રી કૃષ્ણની દિવ્યકૃપા ઊર્જા દ્વારા જીવનમાં આવતી શારીરિક અને માનસિક સમસ્યાઓ તથા અસફળતાને દૂર કરી શ્રી કૃષ્ણકૃપાની પ્રાપ્તિ અને અનુભૂતિ કરી જીવન પરિવર્તન કરવાના પ્રયોગની અનુભૂતિ કરાવશે.
બ્રહ્મસંબંધ - રવિવારના ૧૩-૫-૨૦૧૨ના સવારે ૧૧ વાગે.

**A GRAND TWO DAY SHREE PUSTHI RAS MAHOTSAV**
In the holy presence of
Vaishnavacharya Goswami Pujya Shri Vrajeshkumarji Mahodayshri and
Viashnavacharya Goswami Pujya Shri Yadunathji Mahodayshri (KADI - AMDAVAD)

**Saturday 12-5-2012:** 11-00 Pujya JeJe's Vachnamrut, 12-2pm "Sakhi Vesh Manorath" Being held for the first time ever outside India. To uphold the sanctity of the event at all vaishnavs are requested to cover their heads. (Applies to both ladies and gents)
**Sunday 13-5-2012:** 12-2pm Rajbhog darshan and Aamba (Mango) manorath.
(Those Wishing to Participate should contact haveli)
3-7pm Shree Krishna Krupa Anubhuti Shibir
This Shibir is believed to help vaishnavs overcome many challenges facing us today.

Sunday 13-5-12 - BRAMASAMBANDH AT 11-00 FOR DETAILS PLEASE RING HAVELI

**There will be a coach service available for Vaishnavs from London to Leicester, at a cost of £12 Per Person**
**Call: Manish Popatiya 07557 027 101 Rajnibhai Sawjani 07950 267 765**

Organised by – Vaishnav Sangh of UK
Vrajdham ShriNathji ni Haveli, Vrajdham, 58 loughborough Road, Leicester LE4 5LD Tel: 0116 2245 308
E-mail: admin@vaishnavsangh.org.uk/ Website : Vaishnavsangh.org.uk
: FOR FURTHER INFORMATION, PLEASE CONTACT:

| | | | |
|---|---|---|---|
| Subhash Lakhani | 07748 324 092 | Kishan Ganatra | 07944 645 588 |
| Chandubhai Sonecha | 07804 596 677 | Pramod Thakkar | 07860 922 770 |
| Jagdishbhai Patel | 020 8904 2060 | Dalpat and Hemlata Kotecha | 07957 170 797 |

## વોડાફોન મુદ્દે ભારત-બ્રિટન વચ્ચે ચર્ચા




નવી દિલ્હીઃ બ્રિટને રૂ. ૧૧૦૦૦ કરોડનો વોડાફોન ટેક્સ વિવાદ સોમવારે ભારત સરકાર સમક્ષ ઉઠાવ્યો હતો. ભારત સરકાર આવકવેરા કાયદામાં સુધારો કરી દેશની મિલકતો સંકળાયેલ હોય તેવા વિદેશી જોડાણો અને સંપાદનોને ટેક્સ માળખામાં લાવવા ઇચ્છે છે. ભારતની મુલાકાતે આવેલા બ્રિટિશ નાણાં પ્રધાન જ્યોર્જ ઓસબોર્ને ભારતનાં નાણાં પ્રધાન પ્રણવ મુખરજી સાથે નવી દિલ્હીમાં થયેલી બેઠકમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે બંને પ્રધાનો વચ્ચે થયેલ દ્વિપક્ષીય મંત્રણામાં વોડાફોન વિવાદ અંગે ચર્ચા થઇ હતી. ઓસબોર્ને જણાવ્યું હતું કે, ટેક્સ કાયદામાં સુધારો કરવાના ભારતનાં પ્રસ્તાવનાં પગલે બ્રિટનનાં રોકાણકારો ચિંતાતુર બન્યા છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે મંત્રણા દરમિયાન ઓસબોર્ને ભારતની સુપ્રીમ કોર્ટે વોડાફોનની તરફેણમાં આપેલા ચુકાદાનો પણ ઉલ્લેખ કર્યો હતો. બંને પ્રધાનોએ અંદાજે ૩૦ મિનિટ સુધી ચર્ચા કરી હતી. બેઠકનાં અંતે પ્રણવ મુખરજીએ જણાવ્યું હતું કે આ મંત્રણા ખૂબ જ સફળ રહી હતી. બ્રિટિશ પ્રધાને કહ્યું હતું કે બંને દેશો આર્થિક ભાગીદારી વધારવા આતુર છે. અમે ઇચ્છીએ છીએ કે બંને દેશના ઉદ્યોગપતિઓ એકબીજાના રાષ્ટ્રમાં વધુને વધુ બિઝનેસ કરે.

## AIના આર્થિક પુનર્ગઠનની મંજૂરી

નવી દિલ્હીઃ આર્થિક કટોકટીનો સામનો કરી રહેલી એર ઇન્ડિયાને પ્રોત્સાહનરૂપ એક ઘટનામાં બેન્કોના સમૂહ દ્વારા એર ઇન્ડિયાની નાણાંકીય પુનર્ગઠન યોજના (ફાઇનાન્સિયલ રિસ્ટ્રક્ચરિંગ પ્લાન-એફઆરપી)ને મંજૂરી આપી છે. આ એફઆરપીથી એર ઇન્ડિયા પ્રથમ વર્ષે જ કરોડો રૂપિયા બચાવી શકે તેમ છે. એફઆરપીના ભાગરૂપે એર ઇન્ડિયાએ ભારતીય સ્ટેટ બેંકના નેતૃત્વમાં બેન્કોના સમૂહ સાથે ગત સપ્તાહે ચાર કરાર કર્યા હતા. જેમાં માસ્ટર રિસ્ટ્રક્ચરિંગ એગ્રીમેન્ટ, વર્કિંગ કેપિટલ ફેસિલિટી એગ્રીમેન્ટ, એપોઇન્ટમેન્ટ ઓફ ફેસિલિટી એજન્ટ એગ્રીમેન્ટ અને એપોઇન્ટમેન્ટ ઓફ ટ્રસ્ટી એગ્રીમેન્ટનો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા મુજબ, એર ઇન્ડિયાને ભંડોળ પૂરું પાડવા માટે કેબિનેટની મંજૂરીની રાહ જોવાય છે, જે ટૂંક સમયમાં મળી જશે. કેન્દ્રીય કેબિનેટ વધારાના ભંડોળપ્રવાહને મંજૂરી આપે તે પછી એફઆરપીનો અમલ શરૂ કરાશે. અત્રે એફઆરપી સાઇનિંગ સમારંભમાં ૧૯ બેન્કોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**કરારના મુખ્ય અંશ**

એર ઇન્ડિયાની રૂ.૧૦,૫૦૦ કરોડની વર્કિંગ કેપિટલનું ૧૧ ટકા વાર્ષિક વ્યાજની લાંબાગાળાની લોનમાં રૂપાંતર છે.

પ્રથમ વર્ષનું વ્યાજ ફન્ડેડ ઇન્ટરેસ્ટ ટર્મ પ્લાનમાં એકત્રિત કરાશે, જેનાથી ૨૦૧૨-૧૩માં જ રૂ.૧,૦૦૦ કરોડની બચત થશે. ઉપરાંત, રૂ. ૭,૪૦૦ કરોડના નોનકન્વિટબલ ડિબેન્ચર બહાર પડાશે અને તેની આવક દેવાંની ચુકવણીમાં ઉપયોગમાં લેવાશે.

રૂ. ૩,૫૦૦ કરોડની કાર્યશીલ મૂડીમાંથી આંશિક રકમનું કેશ-ક્રેડિટ એરેન્જમેન્ટ તરીકે પુનર્ગઠન કરાશે. એફઆરપી હેઠળ એર ઇન્ડિયાએ સરકાર દ્વારા ૨૦૧૨થી ૨૦૨૧ દરમિયાન રૂ. ૩૦,૨૩૧ના ભંડોળની દરખાસ્ત કરી હતી. રૂ. ૭,૦૦૦ કરોડની શોર્ટ-ટર્મ વર્કિંગ કેપિટલ લોનના ક્યુમ્યુલેટિવ પ્રેફરન્શિયલ શેર કે નોનકન્વિટબલ ડિબેન્ચરમાં રૂપાંતર અને અંદાજે રૂ. ૧૪,૦૦૦ કરોડનાં દેવાંની પરત ચુકવણી માટે વધુ સમયનો પણ એફઆરપીમાં સમાવેશ થાય છે.

## બજાર ભાવ

| Date: 31/03/2012 | | Rates | One Month Ago | 1 Year Ago |
|---|---|---|---|---|
| £૧ | = | રૂા. ૮૧.૦૦ | રૂા. ૭૯.૦૦ | રૂા. ૭૨.૦૦ |
| £૧ | = | € ૧.૨૦ | € ૧.૨૦ | € ૧.૧૪ |
| £૧ | = | $ ૧.૬૦ | $ ૧.૫૮ | $ ૧.૬૨ |
| €૧ | = | રૂા. ૬૭.૫૦ | રૂા. ૬૫.૮૦ | રૂા. ૬૩.૧૫ |
| $૧ | = | રૂા. ૫૦.૬૦ | રૂા. ૫૦.૦૦ | રૂા. ૪૪.૪૦ |
| એક ગ્રામ સોનાનો ભાવ | | £ ૩૩.૬૫ | £ ૩૪.૫૦ | £ ૨૬.૬૦ |
| એક ઔંસ સોનાનો ભાવ | | £૧૦૪૭.૦૦ | £ ૧૦૭૨.૭૫ | £ ૮૨૭.૦૦ |
| એક ઔંસ સોનાનો ભાવ | | $૧૬૭૫.૦૦ | $ ૧૬૯૫.૦૦ | $ ૧૩૪૦.૦૦ |
| એક ઔંસ ચાંદીનો ભાવ | | $ ૩૨.૮૦ | $ ૩૪.૨૦ | $ ૩૮.૦૦ |

## નારાયણમૂર્તિ મોખરાના વૈશ્વિક ઉદ્યોગસાહસિકઃ ફોર્ચ્યુન

ન્યૂ યોર્કઃ ઇન્ફોસિસના સ્થાપક એન. આર. નારાયણમૂર્તિ પોતાના સમયના ૧૨ ઉદ્યોગ સાહસિકો પૈકીના એક છે. ફોર્ચ્યુન મેગેઝિને તૈયાર કરેલી મહાન ઉદ્યોગસાહસિકોની યાદીમાં પહેલા સ્થાને એપલના સંસ્થાપક સ્ટીવ જોબ્સ છે.

ફોર્ચ્યુનની આ યાદીમાં માઇક્રોસોફ્ટના સંસ્થાપક બિલ ગેટ્સ તથા ફેસબુકના સીઇઓ માર્ક ઝુકરબર્ગનો પણ સમાવેશ થયો છે, જેમણે શૂન્યમાંથી સર્જન કર્યું છે અને બિઝનેસજગતનો ચહેરો બદલ્યો છે.

આ અમેરિકન મેગેઝિનમાં જણાવ્યું છે કે, નારાયણમૂર્તિએ ભારતમાં સૌથી મોટી કંપનીમાંથી એક કંપનીનું નિર્માણ કર્યું છે, જેણે ભારતીય અર્થવ્યવસ્થામાં એક અગત્યનું પરિવર્તન લાવવામાં મદદ મળી છે અને તેમની કંપની વૈશ્વિક સ્તરે ઊભરી છે.

● ગોવામાં તાજેતરમાં ચૂંટાયેલી ભાજપની નવી સરકારના મુખ્ય પ્રધાન મનોહર પારીકરે ગત સપ્તાહે રજૂ કરેલા પોતાના પ્રથમ બજેટમાં રાજ્યમાં પેટ્રોલના ભાવમાં રૂ. ૧૧નો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. આ પગલાથી આ રાજ્યમાં પેટ્રોલ ભારતમાં સૌથી સસ્તું થયું છે. ઉપરાંત ત્રણ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા પરિવારની ગૃહિણીઓને મહિને રૂ. ૧,૦૦૦નું ભથ્થું અપાશે અને રાંધણ ગેસના ભાવ ૧૬ માર્ચ, ૨૦૧૨નાં રોજ જે હતા તે આવતા પાંચ વર્ષ સુધી જાળવી રાખવા જાહેરાત કરાઇ છે.

cheapest2.com
020 7380 8789
Want to speak in Gujarati call us on
020 7380 8797

| India from only | |
|---|---|
| Delhi | £399 |
| Mumbai | £419 |
| Ahmedabad | £439 |
| Bhuj | £543 |
| Rajkot | £559 |
| Jamnagar | £579 |

| USA from only | |
|---|---|
| Newyork | £419 |
| Los Angeles | £429 |
| Miami | £459 |
| Atlanta | £439 |
| Las Vegas | £498 |

| Africa from only | |
|---|---|
| Nairobi | £432 |
| Dar E Salaam | £468 |

Dubai – Nihal Hotel *** 5 Nights / 6 Days fr £499 pp
All Inclusive Flights, Accommodation & Breakfast.
Bangkok – Convenient Park*** 5 Nights / 6 Days fr £540 pp
All Inclusive Flights, Accommodation & Breakfast
Las Vegas fr £798 pp
London to Las Vegas and New York
5 Nights Las Vegas / 2 Nights New York
Flights, Accommodation and All applicable taxes included
* The above fares all include taxes and are subject to availability.
Cheap Worldwide Flights
We are ATOL Protected 3550. Est. 1983

|| Shri Vallabh ||
|| Shri Gopallalo Vijyate ||
VADHAI VADHAI VADHAI
Shree Vallabhacharyaji Utsav 16/04/12
Palna Darshan in Shringar : 10.30 am to 11-00.
Rajbhog : 12.00 after noon onwards.
• Bagicha Darshan
• Tilak and Dhoti Uparna to Shree Vallabhprabhuji
Uthapan : 4 pm onwards
Dhoti Uparna to Shree Vallabhprabhuji
Nychavar for Dhoti Uparna is £ 5.00 which can be paid in office
Vrat Ekadashi is on 17/04/12
All Bhavik Bhajktojan are invited to be part of this UTSAV
Venue : Vrajdham Shri Nathji ni Haveli, Leicester.
વધાઈ વધાઈ વધાઈ
શ્રીવલ્લભાચાર્યજી ઉત્સવ તા. ૧૬/૪/૧૨
શ્રીંગારમાં પલના દર્શન 10-30am to 11-00
રાજભોગ : બપોરના ૧૨ વાગ્યાથી
● બગીચાના દર્શન
● તીલક અને શ્રી વલ્લભપ્રભુજીને ધોતી ઉપરણા
ઉથાપન : બપોરે ૪ વાગ્યાથી
ઉથાપનમાં પણ ધોતી ઉપરણા ધરવામાં આવશે
ધોતી ઉપરણાની ન્યોછાવર £ 5.00 છે જે તમે ઓફીસમાં લખાવી શકો છો.
વ્રત એકાદશી ૧૭/૪/૧૨ મંગળવારે છે.
સ્થળ: વજધામ શ્રીનાથજીની હવેલી, લેસ્ટર.
Organised by – Vaishnav Sangh of UK
Vrajdham ShriNathji ni Haveli,
Vrajdham,58 loughborough Road,Leicester LE4 5LD
E-mail: admin@vaishnavsangh.org.uk/ Website : Vaishnavsangh.org.uk
: FOR FURTHER INFORMATION, PLEASE CONTACT:
Subhash Lakhani 07748 324 092 Krishna Ganatra 07944 645 588
Chandu Sonecha 07804 596 677 Pramod Thakkar 07860 922 770
Jagdishbhai Patel 020 8904 2060
Dalpat and Hemlata Kotecha 07957 170 797

# પૂ. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીના સાન્નિધ્યમાં શુદ્ધ પુષ્ટિમાર્ગીય હવેલી વ્રજધામ, લેસ્ટર ખાતે માતૃ વંદના મહોત્સવ ઉજવાયો



પૂ. શ્રી જેજે, શ્રી સુભાષભાઇ લાખાણી અને અન્ય ભક્તો ઉજવણી કરતા નજરે પડે છે

યુ.કે.ની સર્વ પ્રથમ શુદ્ધ પુષ્ટિમાર્ગીય હવેલી વ્રજધામ (લેસ્ટર)ના સંસ્થાપક વૈષ્ણવાચાર્ય પ.પૂ. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી-અમદાવાદ)ના પાવન સાન્નિધ્યમાં માતૃ વંદના મહોત્સવ તા. ૧૮-૩-૧૨ રવિવારના રોજ રંગે ચંગે ઉજવાયો હતો.

"મધર્સ ડે" અને હોળી ફૂલફાગ મનોરથના સંયુક્ત પ્રસંગે પ.પૂ. જે. જે શ્રી દ્વારકેશલાલજી મહોદય દ્વારા શ્રીનાથજીના સાન્નિધ્યમાં વડીલ વૈષ્ણવોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય જે જે અને શ્રીજી સાથે ફુલફાગ ખેલવાના તથા રસીયાગાન કરવાનો લાભ પણ યુકેના વૈષ્ણવ સમુદાયને સાંપડ્યો હતો. આ પ્રસંગે લંડનથી ત્રણ કોચમાં ભક્તો પધાર્યા હતા.

પૂ. જેજે દ્વારા રાજભોગ આરતી કરાઇ હતી અને તે પછી ફરાળી પ્રસાદનો લાભ સૌએ લીધો હતો. વરસાદ અને પ્રતિકૂળ હવામાન હોવા છતા હવેલી પાછળની મારકીમાં ઉપસ્થિત ૬૦૦ જેટલા મહેમાનોએ ઉત્સવનો લાભ લીધો હતો. ભજન કિર્તન બાદ વૈષ્ણવ સંઘ યુકેના ચેરમેન સુભાષભાઇ લાખાણીએ સૌને આવકાર આપ્યો હતો. તે પછી શ્રી જે જે એ સૌને મંત્રમુગ્ધ કરી દેતું પ્રવચન આપ્યું હતું. જેમાં તેમણે માતૃવંદના કરી યુવાજનોને માતાના મુલ્ય અને માતાના આપણા સૌ પરના ઉપકારો અંગે સમજ આપી ગીરીરાજ મંદિરના પાટોત્સવની જૂન માસમાં ઉજવણી કરવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે જે જે એ ખુદ વ્રજ રસીયા ગાયા હતા અને ગુલાબની પાંખડીઓ લાલન પર વેરી સૌને લાભ આપ્યો હતો.


# 'ગુજરાત સમાચાર અને એશિયન વોઇસ'ની ૪૦મી વર્ષગાંઠ પ્રસંગે ચાલો "આનંદ મેળા"માં જઇએ...

Asian Voice ABPL Group ગુજરાત સમાચાર 40th Anniversary

એશિયન બિઝનેસ પબ્લીકેશન લિમિટેડ દ્વારા પ્રકાશિત અને સમગ્ર યુકેમાં સૌથી વધુ પ્રમાણમાં વેચાતા લોકપ્રિય સાપ્તાહિકો 'ગુજરાત સમાચાર અને એશિયન વોઇસ'ની ૪૦મી વર્ષગાંઠ પ્રસંગે તા. ૯ અને ૧૦ જૂન, ૨૦૧૨ના રોજ હેરો લેઝર સેન્ટર, ક્રાઇસ્ટ ચર્ચ એવન્યુ, હેરો HA3 5BD ખાતે સમર મેલા - ૨૦૧૨ "આનંદ મેળા"નું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨ દિવસ દરમિયાન આશરે ૫,૦૦૦ લોકો ઉપસ્થિત રહેશે અને મનભરીને શોપીંગ, ગીત સંગીત અને પારંપરિક નૃત્ય, રાસગરબાના જલસા, અવનવી ચટપટી વાનગીઓ અને ખાણીપીણીની મોજ માણશે.



વાઇબ્રન્ટ - ગુજરાત સ્થાપના દિનની ઉજવણી, ઝવેરચંદ મેઘાણી મહોત્સવ, વિમેન્સ ડે, વડિલોના સન્માન સહિત વિવિધ કાર્યક્રમોના સફળ આયોજન બાદ 'ગુજરાત સમાચાર એશિયન વોઇસ' દ્વારા આયોજીત આનંદ મેળામાં વિખ્યાત સાઉથ એશિયન સમુદાય અને ખાસ કરીને ગુજરાતની વિશીષ્ટ સંસ્કૃતિના દર્શન થશે. સમગ્ર મેળાને સાત વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે અને ખાણી-પીણી, શિક્ષણ અને મનોરંજન, આરોગ્ય અને મેડિકલ, ટ્રાવેલ અને ટુરીઝમ, પ્રોપર્ટી અને ઇન્વેસ્ટમેન્ટ, બેન્કીંગ અને ફાઇનાન્સ, ફેશન અને વેડીંગના વિવિધ સ્ટોલનો લાભ મળશે. મફત પાર્કિંગનો લાભ મળશે.

જે વેપારગૃહો કે પેઢીઓને હજુ પણ પોતાના સ્ટોલ રાખવાની ઇચ્છા હોય તેમણે બને તેટલા જલદીથી સંપર્ક કરવો.

તા. ૯ અને ૧૦ જૂન, ૨૦૧૨ સમય સવારે ૧૦-૦૦થી ૮-૦૦.

**સ્થળ: હેરો લેઝર સેન્ટર, ક્રાઇસ્ટ ચર્ચ એવન્યુ, હેરો HA3 5BDવધુ માહિતી માટે સંપર્ક:**

**020 7749 4085 email: gssales@abplgroup.com**

**'ગુજરાત સમાચાર અને એશિયન વોઇસ' બીજી કોઇ કંપની કે સંસ્થાના મેળાના આયોજન સાથે સંકળાયેલા નથી જેની નોંધ લેવા વિનંતી.**


# મિથ્યાત્વનું વિસર્જન



મહાવીર ફાઉન્ડેશનના અથાગ પરિશ્રમથી કેન્ટનના જિનાલયનો જીર્ણોદ્ધાર સંપૂર્ણ થતાં હવે જિનાલય થોડું મોટું થયું અને સગવડતાઓ પણ વધી છે. મોક્ષાભિલાષી આત્માઓને તેથી પૂજા-સેવા, સત્સંગ અને સાધવા કરવા જોઈતી અનુકૂળતા હવે વધુ સારી રીતે મળી રહેશે.

અધ્યાત્મ માર્ગને અનુસરતા મુમુક્ષુ માટે જિનેશ્વર ભગવાનની વીતરાગ મુદ્રાનું અવલંબન ખૂબ મહત્વ ધરાવે છે. ભગવાનની પ્રતિમાજીના દર્શન થતા જ તેમના જ્ઞાન નેત્રો, તેમની પ્રશમરસ નિમગ્તા, વીતરાગતા, પરમ શાંત અવસ્થા પ્રત્યે લક્ષ જાય અને અંતરમાંથી તેમના પ્રત્યે અતિશય ભક્તિ જાગે. પૂર્ણ સ્વરૂપે ખીલેલા તેમના અગણિત ગુણોનું શ્રદ્ધાન તેમની આ પ્રતિમાજી કરાવે છે.

ભગવાનની પ્રતિમાજી તેઓની સગુણ, મૂર્તિમંત અવસ્થા છે. નિરાકાર નિર્ગુણ ભગવાનને પૂજવા સહેલા નથી અને માટે જ પ્રતિમાજીની અંજનશલાકા, પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે અને તેઓ સાક્ષાત જીવંત બને છે. ત્યારબાદ દરરોજ નિયમિત રીતે ભગવાનને હાજરાહજૂર જાણી આપણે પૂજા કરીએ છીએ. તેઓ આપણા હૃદયમાં, જીવનમાં સ્થપાય છે. એમના સતત સ્મરણથી આપણા મન, વચન, કાયા અને બુદ્ધિના યોગ પવિત્ર થતા જાય છે. ભગવાનના સમસ્ત જીવન પ્રત્યે કેન્દ્રિત થઈ ધ્યાન સાધનામાં તેમનું અવલંબન લેતા તેમના ગુણો આપણામાં દ્રઢ થતાં જાય છે.

નિશ્ચયનયથી આપણો આત્મા અને તેમનો આત્મા એક સરખો જ છે. કર્મોથી મુક્ત થતાં તેમના આત્માની શક્તિ પૂર્ણપણે પ્રગટ થઈ છે. જો આપણે પણ તેમની જેમ પુરૂષાર્થ કરીએ તો જે શક્તિ અત્યારે અવ્યક્ત, અપ્રગટ છે તેનો આવિર્ભાવ થાય. તેઓ સાધનાના શિખરે પહોંચી જે અનંત અવ્યાબાદ સુખ અનુભવે છે, આપણે પણ તે જ શાશ્વત સુખને અનુભવી શકીએ.

અધ્યાત્મિક જીવન એટલે જાગૃત જીવન. એક સભાન અવસ્થામાં સત્યદ્રષ્ટિ વડે જીવાતું જીવન. આ જાગૃતિથી આપણે યથાયોગ્ય જીવન જીવી શકવાને સમર્થ બનીએ છીએ. આ જાગૃતિમાં આત્માના નિત્ય અવિનાશી સ્વભાવનો પરિચય થાય છે. મોટાભાગના મનુષ્યો પ્રાપ્ત થયેલા દેહ, મન, ઈન્દ્રિયો પ્રત્યે ગાઢ મમત્વ ધારણ કરી દેહમાં જ આત્મબુદ્ધિ કેળવી જીવન પસાર કરી નાખે છે. દેહના સુખથી સુખી અને દેહના દુઃખથી દુઃખી થાય છે. આ દેહમાં જ એકક્ષેત્ર અવગાહીપણે રહેલા આત્માની ખબર સુદ્ધાં નથી. ઘોર અજ્ઞાનતામાં અમૂલ્ય મનુષ્ય જીવન નિરર્થક ગુમાવી બેસે છે. જો આત્માનો લક્ષ થાય તો આપણો આત્મા ભગવાનનાં આત્મા જેવો જ છે એમ ખાતરી થાય. આત્માનાં અસ્તિત્વના સ્વીકાર સાથે આપણો તમામ ધર્મપુરૂષાર્થ આત્માને અનુભવવાના લક્ષે યોગ્ય બનતો જાય છે. પોતે પોતાને જ ઓળખવાનો છે. દરેક કાર્યમાં, આપણા યોગનાં પ્રવર્તનની મધ્યમાં તે આત્મા પ્રથમ રહેલો છે, માત્ર તેની સભાનતા નથી. જો આત્મા છે તો બધું છે એવી જાગૃતિ આવે તો જીવન સાર્થક થઈ જાય.

જો આપણું મન શાંત થઈ જાય, તેનો નિગ્રહ કરી શકીએ તો તે સ્થિર આંતરિક અવસ્થામાં જ્ઞાન કરતી આ આત્મશક્તિનો અનુભવ થાય. ધ્યાન સાધના દ્વારા મન, વચન અને કાયાના ચલિત અને ચંચળ યોગને સ્થિર કરવાના છે. પણ તે ધ્યાનની સાધના જેને ગ્રંથિભેદ થયો છે એવા નિગ્રંથ ગુરુ પાસેથી પ્રાપ્ત થાય તો કાર્ય સિદ્ધ થશે. જિનેશ્વર ભગવાન આ જ ધ્યાનમાં આત્માના સચ્ચિદાનંદમાં તદાકાર તદ્રુપ છે. તેમની મુખમુદ્રા અને તેમના નિર્મળ નેત્રો આત્મજાગૃતિ માટે પ્રેરી રહ્યા છે. એકાગ્રતા સાથે તેમનામાં જો આપણે ઓતપ્રોત થશું, તેમની અલિપ્ત અસંગ દશાની પૂજા કરશું તો ચોક્કસ તેમના જેવી દશાને આપણે પ્રાપ્ત કરી શકીશું.

આ મનુષ્ય ભવનું પહેલું કર્તવ્ય એ છે કે કર્મના બંધનથી આત્માને મુક્ત કરવો. સંસારી જીવનનાં બીજા પણ અનેક કર્તવ્યો છે. ભણવું, કામકાજ કરી જીવનની જરૂરિયાતોને પૂરી પાડવી તેમજ માતાપિતા, ભાઈબહેન, સ્ત્રી, છોકરાઓ, સમાજ અને દેશ આ બધા પ્રત્યેની ફરજો અદા કરવી. ક્રમભાગ્યે જીવનનાં વિવિધ સંઘર્ષોની વચ્ચે જીવ પોતાનું કલ્યાણ કરવાની મુખ્ય વાતને સાવ વિસરી ગયો છે. સંસાર હાવી થયો છે અને જીવ દિશા ભૂલી ગયો છે. આધી, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલો નિમિત્ત આધિન જીવન સંસારી ભાવોમાં, તાણયુક્ત પરિણામોથી પરેશાન છે. કર્મની વિચિત્રતામાં સપડાયેલું તેનું મન અશુભ વિચારધારામાં ઉદિગ્ન થયેલું છે. ભય, અસ્થિરતા, ભોગની લાલસા, કષાય અને ઇર્ષાયુક્ત તે આર્ત અને રૌદ્ર ધ્યાન કરી ભવભ્રમણ વધારી રહ્યો છે.

Shree Raj Saubhag Satsang Mandal UK

પ્રશ્ન એ છે કે શું આ સંસારી જવાબદારીઓની વચ્ચે જીવ પોતાનું કલ્યાણ સાધી શકે ખરો? એનો ઉત્તર છે કે તે ચોક્કસ જ, નિઃસંદેહ પોતાનું કલ્યાણ સાધી શકે છે. ભૂતકાળમાં જેઓએ પોતાનું શ્રેય સાધ્યું છે તે બધાએ મોહમાયાના પ્રબળ ઉદયોને આત્મબળે હરાવ્યા છે. જિનેશ્વર ભગવાન પ્રત્યેની અપૂર્વ પૂજા, ભક્તિ એ તેનો પાયો છે. ભગવાનની સન્મુખ થયેલો ભાવિ આત્મા અંતરનાં વિશુદ્ધ ભાવોથી ભગવાનને કહે છે કે 'હે ભગવાન મારે તમારા જેવું થવું છે. તમે ગુણોને પ્રગટ કરી દોષોને દૂર કર્યા છે અને કર્મોનું પક્ષાલન કરી નિર્મળ અને અતિ શુદ્ધ થયા છો. મારે પણ તમારા જેવા જ નિર્મળ અને શુદ્ધ થવું છે. હું તમારે શરણે આવ્યો છું મારો સ્વીકાર કરો, મને સંભાળો.' જ્યારે સાચા અંતઃકરણથી જીવ પ્રાર્થે છે અને તેવો લક્ષ જીવનમાં પણ કેળવાય છે ત્યારે તેનું સદાચારી પ્રામાણિક જીવન તેને સુપાત્ર બનાવે છે. હળુકર્મી થતાં, ભાગ્ય જાગતા કોઈ સાચા સંતનો, સદ્દગુરુનો ભેટો થાય છે. સદ્દગુરુને જીવન સમર્પિત કરી તેમની આજ્ઞા પ્રમાણે તેમણે ચિંધેલા રસ્તે તે અખંડ પુરૂષાર્થ વડે વિકાસ કરતો આગળ વધે છે. ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, શાસ્ત્રશ્રવણ, ગુરુ પાસેથી મળતો યથાર્થ બોધ આમ તે નિશ્ચળ મોક્ષાભિલાષી આત્મા પોતાના લક્ષને બરાબર ધારણ કરીને માર્ગાનુસારી બને છે. તે શિષ્યની તાલાવેલી અને પાત્રતા જોઈ ગુરુકૃપા કરીને ધ્યાન માર્ગ બતાવે છે. ધ્યાનની સાધનામાં તેનું મન એકલક્ષ થતાં તે શાંત અને નિર્મળ બનતું જાય છે. તે ધીર, ગંભીર, કોમળ, સૌમ્ય, પ્રસન્ન, ઈન્દ્રિયને જીતેલો, જ્ઞાનભાવમાં જાગૃત, નિઃસ્પૃહ, ઉદાસીન જીવન જીવતો થાય છે. મિથ્યાત્વનું વિસર્જન અને સમ્યક્દર્શનના ઉદયથી તે આત્મા જાગૃત જીવન જીવી, પૂર્વના કર્મોને સમભાવે ભોગવી પરમ નિર્જરા કરતો સદેહે મોક્ષને અનુભવે છે. આ દશા સુધી પહોંચવા માટે જિનેશ્વર ભગવાન, તેમણે પ્રબોધેલો ધર્મ અને તે બંનેની સાચી ઓળખ આપનાર વિદ્યમાન સદ્દગુરુની ભક્તિ તે અનિવાર્ય સાધનો છે.

આપણે એવું ઈચ્છીએ કે કેન્ટનનું જિનાલય ધર્મસાધનાનું એક અપ્રતિમ કેન્દ્ર બને અને અહીંથી સાત્વિક સદાચારી જાગૃત જીવન જીવવા માટેની પ્રેરણા આ ભૂમિમાં રહેતા જીવોને સતત મળતી રહે.

ઉપર દર્શાવ્યા તેવા મોક્ષમાર્ગનું માર્ગદર્શન આપી શકે એવા સમર્થ સંત, પરમ પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈ કોઠારી લંડન પધારી રહ્યા છે. તેઓની ધર્મયાત્રા મુખ્યપણે તો મહાવીર ફાઉન્ડેશન દ્વારા થતી કેન્ટન જિનાલયથી પ્રતિષ્ઠામાં ભાગ લેવાની છે પણ સાથે સાથે લંડનના મોક્ષભાવી જીવોને માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ પણ ગોઠવાયો છે. તે કાર્યક્રમની રૂપરેખા નીચે પ્રમાણે છે.

## પરમ પૂજ્ય ભાઈશ્રીની ધર્મયાત્રા - લંડન ૨૦૧૨

| દિવસ | તારીખ | સવારે | બપોરે | સાંજે |
|---|---|---|---|---|
| ગુરૂવાર | માર્ચ, ૨૯, ૨૦૧૨ | | | ૮.૦૦થી ૧૦.૦૦ કીંગ્સબરી હાઈસ્કૂલ, ફક્ત બહેનો માટે પૂ. મીનળબહેન તથા પૂ. લલિતાબહેનનો સ્વાધ્યાય-રજિસ્ટ્રેશન જરૂરી |
| શુક્રવાર | માર્ચ, ૩૦,૨૦૧૨ | સ્વાધ્યાય સવારે ૧૦થી બપોરે ૧૨, નાઈલેન્ડ સેન્ટર (બધા માટે) | | |
| રવીવારથી બુધવાર | ૧થી ૪ એપ્રિલ | શિબિર સવારે ૧૦.૩૦થી સાંજે ૫, કીંગ્સબરી હાઈસ્કૂલ,રજિસ્ટ્રેશન જરૂરી | | ત્રણ દિવસ સાંજે ૮થી૧૦ ભક્તિ અને સ્વાધ્યાય (બધા માટે) |
| શુક્રવારથી રવિવાર | ૬થી ૮ એપ્રિલ | પરમ પૂજ્ય ભાઈશ્રી હેરો લેઝર સેન્ટર, કેન્ટન જિનાલયની પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારશે. | | |

**No registration is required for evening swadhyays.**
**For Kingsbury High School, please use the Stag Lane entrance**

**Keshubhai Sumaria 020 8537 9775 - Jaysukh Mehta 07830 294 060**
**Ashik Shah 07956 463 309**

Email: rajsaubhauk@rajsaubhag.org www.rajsaubhag.org//2012-uk-dharma-yatra/
UK Registered Charity No. 1112669 - 19 Hillersdon Avenue, Edgware, HA8 7SG

# VRAJDHAM HAVELI-PAT-OTSAV GRAND OPENING

On Saturday 5th November 2011 the city of Leicester was blessed with the inauguration of yet another place of worship for the large Hindu community. However, this was no ordinary temple but rather, it created history in the land of historical landmarks with the opening of the very first Shudh (authentic) Pushti-Marg Haveli of ShreeNathji in England, at 58 Loughborough Road, Leicester. This event is even more symbolic as the residing deity of Shree Gopal Lalji (ShreeNathji) was consecrated by His Holiness Pujya-pad Vaishnavacharya Goswami 108 Shree Dwarkeshlalji Mohodayshree, affectionately known as "Je Je" to his devotees. Pujya "Je Je" is the 17th descendant of Param Pujya Shree Vallabh Acharya (Shree Mahaprabhuji) who founded Pushti-Marg and graced this planet approximately 525 years ago.

At 11:30 am approximately 600 devotees were greeted by the Assistant city Mayor Mrs. Manjula Sood and Councillor Rashmikant Joshi who in the presence of Pujya "Je Je", Trustees of Vaishnav Sangh of UK and other dignitaries led the procession through Belgrave Road chanting the name of ShreeNathji.

At 1:15 pm the first Darshan (glimpse) of Shree Gopal Lalji (Shree Nathji) was unveiled to dignitaries led by Rt. Honourable Mr. Keith Vaz, M.P. for Leicester Forest East and devotees from all over the country.

The main programme commenced in the Marquee at Abbey field, at 1:45 pm. Mr. Subhash Lakhani and Pramod Thakkar , Trustees of Vaishnav Sangh of UK, welcomed and thanked the dignitaries and the devotees for their support in this event.

Pramod Thakkar then introduced all the Dignitaries and invited them to be blessed by Pujya Je Je and emphasised that the Trustees of Vaishnav Sangh UK had an 'Open Door Policy' and invited all vaisnhnavs (Young and Old) to come forward and join this wonderful "spiritual club" as this is 'Our Haveli'

Rt. Hon. Keith Vaz, MP in his speech to the gathering said that he was absolutely spellbound by the transcendental atmosphere in the Haveli when the deity of Shree Gopal Lalji was unveiled. He welcomed Pujya Shree Je Je stating that he has come from his favourite city in India, Ahmedabad. He went on to say that Hinduism is engrained in the fabric of the city of Leicester. He further stated that temples like these provide us with ideal opportunity to worship, and concluded by saying that Pujya Shree Je Je brings a sense of community spirit which provides such calmness and togetherness to us all. He finally went onto say that the city of Leicester is very close to his heart and the inhabitants are very special to him, concluding that even the Prime Minister has very special feelings for the people of Leicester.

Mrs. Manjulaben Sood, Assistant Mayor, offered her humble obeissance to Pujya Shree Je Je and also conveyed the best wishes from the Mayor of Leicester, Sir Peter Soulsby. She went on to say that the completion of the entire construction project in a mere 9 weeks from start to finish clearly indicates that there is an "aadhyatmic" or spiritual force driving this project. She concluded by saying that "Belgrave Nagri" has been transformed today into Mathura Nagri (Lord Krishna's place of birth).

Asst. Mayor Pyara Singh Kher addressed the congregation and said that he was deeply honoured and touched when the curtains opened slowly, it was a wonderful moment of peace & serenity. Leicester is known throughout Europe for its brotherhood spirit and today was yet another example of the communal spirit.

Over 40,000 thousand people had attended the Diwali function. He wished the charity all the best and hoped the community will enjoy this Mandir for many years to come.

Pujya Shree Je Je blessed Mr. Rashmikant Joshi who then addressed the congregation. He also congratulated all the Trustees for achieving this mammoth task in a mere 9 weeks. He thanked Ken Foster and other associates for getting the planning permission for the building of this Haveli. He fondly remembered Pujya Morari Bapu's Katha and the team spirit of the volunteers. He sought Pujya Shree Je Je's blessings for a Shivalay in Leicester for the Brahmins. Finally, he fondly remembered the late Mukhiyaji Pujya Giriraj Maharaj.

Pujya Shree Je Je addressed the congregation with his blissful discourse. He said the aim of Vaishnav Sangh was to inspire the Vaishnavs, in particular the youth, to adopt the Vaishnav parampara. He went on to say that the ethos of Pushti Marg principles were misunderstood and due to total misconception on our part, we have gone astray with our own religious principles. No one in the past has done anything to clarify these principles for the youth of this country. VRAJDHAM is not just an ordinary place of worship – it is the creation of a centre of excellence for Pushti-Marg Dharma, and worship of ShreeNathji. This particular site has enormous significance as it is the place which was founded by late Shree Giraraj Prashad Goswami as a Haveli over 25 years ago.



શ્રી ઠાકોરજીના પ્રથમ દર્શનની ઝાંખી કરાવતા વૈષ્ણવ

Pujya Shree Je Je wants to establish a Vaishnav Sangh in Leicester just as it is in London, for the past 2 years. He said everyone has dreams but only the fortunate few witness dreams turn into reality and now we hope to move onto our next mission i.e. the establishment of another Haveli in London. He encouraged everyone to take a pledge that you will do at least one of the daily Darshans. He announced that next June/July, we will have the ceremony to consecrate the deities of Shree Yamunaji, Shree Mahaprabhuji and Shree Girirajji.

He announced a scheme whereby he asked families to pledge £1 per day, i.e. £30 per month as Seva (service) for the running costs of Shreenathji's Haveli. The family will have the benefit of a chosen day each and every month to offer Rajbhog on their behalf. He is confident that there will be 200 families coming forward to make the pledges. He considers Vrajdham to be the next Nathdwara and Leicester to be the central place of pilgrimage in the UK.

Sunday, 6th November 2011. Pujya Shree Je Je blessed & addressed all the attendees and went on to say that for him, the efforts of spiritual leaders really pay off when they see the devotees benefiting from a Haveli like Vrajdham.

Haveli is the centre for providing guidance laid down according to the Pushti-Marg Principles. It was Shree Mahaprabhuji's dream to have a Haveli in every home, and we must work hard for that to be accomplished. We have to do "Parishram" (hard work) to achieve Thakorji's dream. Vaishnav dharma is to provide seva and support for any such Haveli for furtherance of the teachings of Shree Vallabhacharya. He pleaded that if anyone has any misunderstandings or needs clarification, they should not hesitate to contact him for clarification at any time. Those in "Seva" do not have any obstacles. He urged the devotees to take a pledge to spend at least 5 minutes a day in the Haveli in front of Shreenathji. For liberation, follow the principles of Shree Vallabh, associate with Vaishnavs, take guidance from a Guru (spiritual master) and change direction within ourselves.


The creation of Vrajdham is not the end of our journey, it is only the beginning. Now we will have the joy of moving on to the other future plans. Pujya Shree Je Je announced the Seva Kram (Way of Service/Worship) of the Haveli according to the principles of Pushti Marg. From now on, all will enjoy every occasion as they would have done at the Nathdwara temple. He finally blessed all the devotees.

He reassured devotees saying, "You have my promise that your donations will be used entirely for the benefit of your forthcoming generations here in the UK".



**The Guests Who seated in sabha From the left Trustee Shri Jagdishbhai Patel, Councilor Rashmikantbhai Joshi, Asst. Mayor of Council. Manjulaben Sood , Asst. Mayor of Council Pyara singh Kher , Rt. Hon. Kieth Vaz MP, Trustee Shri Pramodbhai Thakkar , Trustee Shri Subhashbhai Lakhani , And Shri Dwarkeshlalji Mahodayshri.**

# યુ.કે.ની સર્વપ્રથમ શુદ્ધ પુષ્ટિમાર્ગીય હવે 'વ્રજધામ'નો ઐતિહાસિક ઉદ્‌ઘાટન સમારોહ



આચાર્ય ૧૦૮ પૂ.પા. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી-અમદાવાદ)

યુકેની ધરતી પર હજારો વૈષ્ણવો વસે છે, પરંતુ વિખરાયેલા વૈષ્ણવ સમાજને સંગઠીત કરવા છેલ્લા બે વર્ષથી વૈષ્ણવ યુવા જગતના પ્રેરણામૂર્તિ વૈષ્ણવ આચાર્ય પૂ.પા. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી-અમદાવાદ) અનેકવિધ કાર્યક્રમો યોજ્યા છે અને બે વર્ષ પૂર્વે આપશ્રીએ વૈષ્ણવસંઘ ઓફ યુ.કે.ની સ્થાપના કરી અને યુકેમાં સર્વપ્રથમ શુદ્ધ પુષ્ટિમાર્ગીય હવેલીનું નિર્માણ કરવાનો નિર્ધાર કર્યો હતો. હવેલી માટે એક ટ્રસ્ટની રચના કરી તેના અંતર્ગત અનેક આયોજનો કરવામાં આવ્યા અને આપશ્રીએ પ.ભ. જગદીશભાઈ પટેલ, પ.ભ. પ્રમોદભાઈ ઠક્કર, પ.ભ. સુભાષભાઈ લાખાણી, પ.ભ. દલપતભાઈ કોટેચાને ટ્રસ્ટી તરીકે નિયુક્ત કર્યા. આપશ્રીના અગાધ પરિશ્રમનાં ફળરૂપે એ શુભદિવસ આવી ગયો.

કારતક સુદ ૧૦ના રોજ લેસ્ટરના ઇતિહાસમાં યાદ રહી જાય એવો પ્રસંગ આવ્યો. યુકેના વૈષ્ણવો જે ઘડીની રાહ જોઈ રહ્યા હતા. તે દિવસ, યુકેની સર્વ પ્રથમ શુદ્ધ પુષ્ટિમાર્ગીય હવેલીના નિર્માણનો દિવસ, સવારથી જ હજારો વૈષ્ણવો ભેગા થવા લાગ્યા, લેસ્ટરના બેલગ્રેવ સેન્ટરથી વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. વૈષ્ણવોના મુખ ઉપર એક અલૌકિક આનંદનો અનુભવ થતો હતો. શોભાયાત્રામાં સૌથી આગળ યુવાભાઈઓ ધોતી-બંડીમાં હાથમાં ધજા-પતાકા સાથે જયઘોષ કરતા હતા, તેમની પાછળ કળશધારી બહેનો બેન્ડવાજા, ભજનમંડળી અને વચમાં લેસ્ટરનાં રાજમાર્ગ પર બે ઘોડાની બગીમાં બિરાજમાન પૂ.પા.શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી પ્રસન્ન મુદ્રામાં દેખાતા હતા. સ્વપ્ન સાકાર થયાનો આનંદ(પ્રસન્નતા) આપશ્રીના મુખારવિંદ પર દૃષ્ટિગોચર થતો હતો. વૈષ્ણવોનું અભિવાદન ઝીલતા આપશ્રી ખૂબ જ પ્રસન્ન દેખાતા હતા. લેસ્ટરના અગ્રણી મહાનુભાવોની હાજરીમાં આવી અભુતપૂર્વ શોભાયાત્રા માણવી એ જીવનનો એક લ્હાવો છે. લેસ્ટરનાં રાજમાર્ગ પર દોઢ કલાક શોભાયાત્રા માણ્યા બાદ શ્રી વ્રજધામ હવેલીના પ્રાંગણમાં રાસ ગરબાની રમઝટ સાથે શોભાયાત્રા સંપન્ન થઈ હતી.

